**FORM-A**

| IN THE COURT OF THE PRINCIPAL SESSIONS JUDGE, DAHOD, AT DAHOD<br>Present : Principal Sessions Judge<br>(Date of Judgment 14-09-2023)<br>**(Sessions Case No.05/2021)**<br>( Limdi Police Station I Cr. No.127/19 Section 435,436,352,294(B), 504, 506(2),324,114 of I.P.C. and 135(1) of G.P.Act ) | |
|---|---|
| COMPLAINANT | STATE OF GUJARAT |
| REPRESENTED BY | LD.P.P. Mr.P.J.Jain |
| ACCUSED | (1)Varshaben Kurmeshbhai Hathila<br>(2)Emanbhai Ruplabhai Bhuriya<br>(3)Kusrmeshbhai Bachubhai Hathila<br>(4)Kamleshbhai Bachubhai Hathila |
| REPRESENTED BY | Ld. Advocate Mr. R.C.Damariya |

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 09-11-2019 |
| Date of FIR | 23-11-2019 |
| Date of Chargesheet | 13-10-2020 |
| Date of Framing of Charges | 08-02-2021 |
| Date of Commencement of evidence | 16-03-2021 |
| Date on which judgment is reserved | 30-06-2023 |
| Date of the Judgment | 14-09-2023 |
| Date of the Sentencing Order, if any | NIL |

**Accused Details**

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of Section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Varshaben Kurmeshbhai Hathila | - | 10-01-2020 | Sec. 435, 436, 352,294 (B), 504, 506 (2), 324, 114 of I.P.C. and | Acquitted | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 135(1) of G.P. Act. | | | |
| 2 | Emanbhai Ruplabhai Bhuriya | - | 10-01-2020 | " | " | - | - |
| 3 | Kusrmeshbhai Bachubhai Hathila | - | 13-02-2020 | " | " | - | - |
| 4 | Kamleshbhai Bachubhai Hathila | - | 13-02-2020 | " | " | - | - |

**FORM-C**

**LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES**

A. Prosecution

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| PW1 | Muliben Kanjibhai Hathila | Complainant |
| PW2 | Kantaben Rameshbhai Damor | Witness |
| PW3 | Shaileshbhai Varjibhai Hathila | PanchWitness |
| PW4 | Kalsingbhai Sangjibhai Damor | PanchWitness |
| PW5 | Shaileshbhai Bachubhai Panda | Witness |
| PW6 | Hakariyabhai Chandubhai Panda | Witness |
| PW7 | Vijaybhai Kamjibhai Hathila | witness |
| PW8 | Virabhai Mansingbhai Bhabhor | PanchWitness |
| PW9 | Rameshbhai Devjibhai Damor | witness |
| PW10 | Subhashbhai Devjibhai Damor | witness |
| PW11 | Mukeshbhai Ramsubhai Muniya | witness |
| PW12 | Ishvarbhai Mansingbhai Hathila | Panch witness |
| PW13 | Malsingbhai Bhimabhai Hathila | Panch witness |
| PW14 | Dr.Santhoshkumar Kanubhai Tadvi | Medical Officer |
| PW15 | Pruthvirajsinh Bhupatsinh Jadav | I.O. |
| PW16 | Lalabhai Hirabhai Pargi | I.O. |

B. Defence Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, |
|---|---|---|

| | | |
|---|---|---|
| | | EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
| | | |

C. Court Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| | | |

LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

A. Prosecution

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit P- 16/PW1 | Complain |
| 2. | Exhibit P-24/PW3 | Spot Panchnama of the place of incident |
| 3 | Exhibit P-32/PW8 | Physical condition and arrest panchnama of accused and recovery panchnama of stick |
| 4 | Exhibit P-38/PW11 | Physical condition and arrest panchnama of accused and recovery panchnama of pipe |
| 5 | Exhibit 41(Exhibited) | F.S.L. Primary report |
| 6 | Exhibit 4z(Exhibited) | Notification |
| 7 | Exhibit P- 48/PW14 | M.L.C. of Shaileshbhai Bachubhai |
| 8 | Exhibit P- 40/PW14 | M.L.C. of Muliben Kanjibhai |

B. Defence :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | | |

C. Court Exhibits :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | | |

D. Material Objects :

| Sr. No. | Material Object Number | Description |
|---|---|---|
| 1. | | |

આંક :
દાખલ તારીખ :
નિકાલ તારીખ : ૧૪–૦૯–૨૦૨૩
સમયગાળો : દિવસ માસ વર્ષ
કુલ :

# દાહોદના મહે.પ્રિન્સીપાલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમા

**મુ.દાહોદ**

**સેશન્સ કેસ નં. ૦૫/૨૦૨૧**

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓ** :– (૧) વર્ષાબેન કુરમેશભાઈ હઠીલા
(૨) એમનભાઈ રૂપલાભાઈ ભુરીયા
(૩) કુરમેશભાઈ બચુભાઈ હઠીલા
(૪) કમલેશભાઈ બચુભાઈ હઠીલા
તમામ રહે. પરથમપુર, ઘોળીદાંતી ફળીયા
તા. ઝાલોદ,જી. દાહોદ

**ગુનો** : ભારતીય દંડ સંહિતાની કલમ ૪૩૫,૪૩૬,૩૫૨,૨૯૪(ખ),૩૨૪,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ

---

ફરીયાદપક્ષ તરફે વિ. પી.પી.શ્રી પી.જે.જૈન
આરોપીપક્ષ તરફે વિ.વ. શ્રી આર.સી.ડામરીયા

---

**:: જ જ મે ન્ટ ::**

(૧) હાલના કેસમાં ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી મુળીબેન કાનજીભાઈ હઠીલા તેમના ગામ ધોળીદાંતીના સરપંચની ચુંટણીમા પોતે સરપંચ તરીકે ઉમેદવારી કેરલી અને હરીફ ઉમેદવાર વર્ષાબેન કુરમેશભાઈ હતા. ચુંટણીનુ પરિણામ આવતા વર્ષાબેન સરપંચ તરીકે તથા તેમની પેનલના ચાર સભ્યો જીતી ગયેલા. જયારે તેમની પેનલના ચાર સભ્યો જીતેલા. તા. ૦૯–૧૧–૨૦૧૯ના રોજ ધોળીદાંતી ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચની ચુંટણી નકકી થયેલ જેથી સવારમા તે તેમના ચુંટાયેલા ચાર સભ્યો (૧) ગલાભઈી ચુનીચાભાઈ મુનીયા (૨) પુષ્પાબેન દિનેશભાઈ હઠીલા (૩) સુશીલાબે સુરેશભાઈ હઠીલા (૪) સોનાબેન મહેશભાઈ નિનામા સાથે નિશાળમા જયાં ચુંટણી થવાની હતી ત્યા લઈને ગયેલા અને ડે. સરપંચના ઉમેદવાર ગલાભાઈ ચુનીાચભાઈ મુનીયાનુ ફોર્મ ભરી આપેલ અને સવારના આશરે આઠેક વાગ્યે નિશાની બહાર માણસો હો–હા કરતા હોઈ શું થયુ તે જોવા તેઓ બહાર નિકળેલા ત્યારે ચુંટાયેલા સરપંચ વર્ષાબેન તથા કુરમેશભાઈ હઠીલા ધારીયા સાથે તથા કમલેશભાઈ બચુભાઈ હઠીલા લાકડી સાથે તથા એમનભાઈ રૂપલાભાઈ ભુરીયા લોખંડની પાઈપ સાથે હતા અને તેઓ તેણીના દિયર રમેશભાઈ દેવજીભાઈ ડામોરના ઘર નજીક જોયેલા અને વર્ષાબેને ઘર બાળી નાખવા ઘર તથા ઘાસમા દિવાસળી ચાંપેલી ત્યારે તેણીની દેરાણી કાંતાબેન રમેશભાઈ તથા પોતે બંને બુમો પાડેલી ત્યારે આ ચારેય જણા મા–બેન સમાણી ગાળો આપી કહેતા હતા કે, તારે ડેપ્યુટી સરપંચ બનાવવો છે, તને આજે જાનથી મારી નાખવાની છે તેમ કહી તેણીની તરફ દોડી આવેલા અને વર્ષાબેને તેના પતિ કુરમેશભાઈ પાસેથી ધારીયુ લઈ તેણીને મારતા માથાના ભાગે વાગી ચામડી કપાઈ લોહી નિશકળી સાધારણ ઈજા થયેલી. તે વખતે નાસભાગ થતા અને ૧૦૮ મોબાઈલ બોલાવતા તેમા તેણી તથા તેના ગામના શૈલેષભાઈ બચુભાઈ પણદાને પણ એમનભાઈ રૂપલાભાઈએ પાઈપ માથાના ભાગે મારી સાધારણ ઈજા કરેલી. તેણીના દિયર રમેશભાઈ દેવજીભાઈનુ ઘર તથા ઘાસ બળી જતા આશરે રૂા. ૨૦,૦૦૦/– જેટલુ નુકશાન કર્યાની ફરીયાદ તા.૨૪–૧૧–૨૦૧૯

ના રોજ ફરીયાદીએ આપેલી. જેને લીમડી પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૧૨૭/૨૦૧૭૯ થી ઈ.પી.કો. કલમ ૪૩૫,૪૩૬,૩૫૨,૨૯૪(ખ),૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયે નોંધી લેવામાં આવેલ. ત્યારબાદ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. ફરીયાદી સાહેદોના જવાબો નોંધવામાં આવેલા. ઈજા પામનાર સાહેદોના ઈજાના પ્રમાણપત્ર મેળવવામાં આવેલુ અને આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો પડતો હોઈ ઉપરોકત ગુના સબંધે ચાર્જશીટ કરવામાં આવેલુ. જેને ઝાલોદના વિ.જયુ.મેજી.ફ.ક. સમક્ષ ક્રી.કે.નં.૫૧૦ /૨૦૨૦ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલો. આરોપીઓને ધ ક્રી.પ્રો.કો.ની કલમ ૨૦૮ને અનુસરીને તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ અને તેમનું નિવેદન લેતા સ્વખર્ચે બચાવ માટે વકીલ રોકી કેસ ચલાવવા માંગતા હોઈ તે સબંધેનું નિવેદન નોંધી કેસ માત્ર અને માત્ર સેશન્સ કોર્ટમાં ચાલવા પાત્ર હોઈ વિ. જયુડી. મેજી. ફ.ક. ઝાલોદનાઓએ ધ ક્રી.પ્રો. કો.ની કલમ ૨૦૯ના પ્રાવઘાનો ને અનુસરીને તે કેસમાં આંક:૧૨ નો વિગતવારનો હુકમ કરી તા.૦૯–૧૨–૨૦૨૦ ના રોજ કેસ સેશન્સ કમીટ કરતો હુકમ કરેલો.

(૨) ઉપરોકત ક્રિમીનલ કેસ સેશન્સ કોર્ટ તરફ કેસ આવતા તેને સેશન્સ કેસ નં. ૦૫/૨૦૨૧ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલો. આરોપીઓ તર્ફે બચાવ અર્થે વિ.વ.શ્રી આર.સી.ડામરીયા રોકાયેલા. ત્યારબાદ ધ ક્રી. પ્રો. કો. ની જોગવાઈઓને અનુસરીને કેસ આગળ ચલાવતા આરોપીઓ વિરુઘ્ધ તહોમતનામુ ફરમાવવા જેટલા પુરાવાઓ હોઈ વિ.એ.પી.પી.શ્રી તર્ફે આંક : ૧૦ થી પુરાવાનું લીસ્ટ રજુ થતા મારી અગાઉના વિ. સેશન્સ જજશ્રી નાઓએ આંક : ૪ થી આ કામના આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો. કલમ ૪૩૫,૪૩૬,૩૫૨,૨૯૪(ખ), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ ની શીક્ષાપાત્ર ગુનાઓ આ અદાલતની હકુમતમાં કર્યા સબંધે તહોમતનામુ ફરમાવેલુ. આ તહોમતનામુ આરોપીઓને વાંચી, સંભળાવી સમજાવતા તેઓને ગુનો કબુલ કર્યાનો ઈનકાર કરતા આંક – ૫ થી૮ સુઘીના તેઓનો વિગતવારનો જવાબ નોંધી લેવામાં આવેલ છે. તેઓને બચાવવા માટે ખાનગી વકીલ રોકેલા છે અને સરકારી ખર્ચે સરકારી વકીલ જોઈએ છે તેવુ પણ પુછવામાં આવેલ છે તેના જવાબમાં

અમારે ખાનગી વકીલ રોકી બચાવ કરવાનો છે તેવુ જાહેર કરેલુ છે. ત્યારબાદ પુરાવાના મુળભુત સીધ્ધાંતો તથા ક્રી.પ્રો.કો.ની જોગવાઈઓને અનુસરતા કેસ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલો છે. ફરીયાદ પક્ષે આ કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાક્ષીઓ તપાસેલા છે અને તે પછીના કોષ્ટકમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખીક પુરાવો</u>** :–

| સાહેદ નં. | આંક | નામ | દરજજો |
|---|---|---|---|
| ૧ | ૧૫ | મુળીબેન કાનજીભાઈ હઠીલા | ફરીયાદી |
| ૨ | ૧૭ | કાન્તાબેન રમેશભાઈ ડામોર | સાહેદ |
| ૩ | ૨૩ | શૈલેષભાઈ વારજીભાઈ હઠીલા | પંચસાહેદ |
| ૪ | ૨૫ | કલસીંગભાઈ સંગજીભાઈ ડામોર | પંચસાહેદ |
| ૫ | ૨૬ | શૈલેષભાઈ બચુભાઈ પણદા | સાહેદ |
| ૬ | ૨૯ | હકરીયાભાઈ ચંદુભાઈ પણદા | સાહેદ |
| ૭ | ૩૦ | વિજયભાઈ કમજીભાઈ હઠીલા | સાહેદ |
| ૮ | ૩૧ | વીરાભાઈ માનસીંગભાઈ ભાભોર | પંચ સાહેદ |
| ૯ | ૩૩ | રમેશભાઈ દેસવજીભાઈ ડામોર | સાહેદ |
| ૧૦ | ૩૪ | સુભાષભાઈ દેવજીભાઈ ડામોર | સાહેદ |
| ૧૧ | ૩૭ | મુકેશભાઈ રમસુભાઈ મુનીયા | પંચસાહેદ |
| ૧૨ | ૩૯ | ઈશ્વરભાઈ માનસીંગભાઈ હઠીલા | પંચસાહેદ |
| ૧૩ | ૪૦ | મલસીંગભાઈ ભીમાભાઈ હઠીલા | પંચસાહેદ |
| ૧૪ | ૪૫ | ડાૅ. સંતોષકુમાર કનુભાઈ તડવી | મેડીકલ ઓફીસર |
| ૧૫ | ૫૩ | પૃથ્વીરાજસીહ ભુપતસીહ જાદવ | ત.ક.અમલદાર |
| ૧૬ | ૫૫ | લાલાભાઈ હીરાભાઈ પારગી | ત.ક.અમલદાર |

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u>** :–

| અનુ.નં. | આંક | દસ્તાવેજનું વર્ણન | તારીખ |
|---|---|---|---|
| ૧ | ૧૬ | ફરીયાદ | ૨૩–૧૧–૨૦૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૪ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૪–૧૧–૨૦૧૯ |
| ૩ | ૩૨ | આરોપી કુરમેશ બચુ તથા કમલેશ બચુનુ શરીરસ્થિતિનુ તથા લાકડીફ કબજે કર્યાનુ પંચનામુ | ૧૮–૦૨–૨૦૨૦ |
| ૪ | ૩૮ | આરોપી વર્ષાબેન કુરમેશ તજા એમનભાઈ રૂમાલભાઈનુ શરીરસ્થિતિ તથા લોખંડની પાઈપ કબજે કર્યાનુ પંચનામુ | ૨૧–૦૧–૨૦૨૦ |
| ૫ | ૪૧ | એફ.એસ.એલ.નો પ્રાથમીક અહેવાલ | ૨૭–૧૧–૨૦૧૯ |
| ૬ | ૪૨ | જાહેરનામુ | ૦૯–૧૧–૨૦૧૯ |
| ૭ | ૪૮ | ઈજા પામનાર શૈલેષ બચુભાઈનુ એમ.એલ.સી. | ૧૩–૧૧–૨૦૧૯ |
| ૮ | ૫૦ | ઈજા પામનાર મુળીબેન કાનજીભાઈનુ એમ.એલ.સી | ૧૩–૧૧–૨૦૧૯ |

(૩) આંક – ૫૬ થી ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો બંધ થયાનું જાહેર કરતી કલોઝર પુરસીસ આપેલી છે. ત્યારબાદ ધ ક્રી.પ્રો.કો. કલમ ૩૧૩ હેઠળ આરોપીનો વધારાનો જવાબ નોંધેલો છે. આરોપીએ આ જવાબમાં પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી, બચાવના સાહેદ તપાસવા માંગતા નથી તેમજ વિશેષમાં તેઓ ઉપર ખોટો કેસ કર્યાનું જણાવે છે તે સીવાય અન્ય કોઈ હકીકત જણાવતા નથી.

(૪) ત્યારબાદ વિ. એ.પી.પી.શ્રી તર્ફે તેમજ આરોપીઓ તર્ફે દલીલો સાંભળવામાં આવી. દલીલોમાં હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુથી આ દલીલોની રજુઆત મુદ્દા પરત્વેના તારણોના કારણોમાં વણી લેવામાં આવી છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલા સાહેદી તથા દસ્તાવેજી પુરાવાઓ આરોપીઓ પર આક્ષેપીત ગુનાની કાયદાકીય જોગવાઈઓ, ભારતીય પુરાવાના કાયદાના પાયાના સીધ્ધાંતો વિગેરે ઘ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

:: **<u>મુદ્દા</u>** ::

૧. શું ફરીયાદ પક્ષ સાબીત કરે છે કે, તા. ૯–૧૧–૧૯ના રોજ ધોળીદાંતી ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચની ચુંટણી હોઈ સવારના ફરીયાદી મુળીબેન કાનજીભાઈ

હઠીલા તથા તેમના ચુંટાયેલા ચાર સભ્યો સાથે નિશાળમા જ્યાં ચુંટણી થવાની હતી ત્યાં લઈને ગયેલા ત્યારે સવારના આઠેક વાગ્યે નિશાળની બહાર માણસો બુમાબુમ, હો–હા કરતા હોઈ તે જોવા તેણી બહાર નિકળેલી ત્યારે ચુંટાયેલા સરપંચ વર્ષાબેન તથા કુરમેશભાઈ બચુભાઈ હઠીલા ધારીયા સાથે તથા કમલેશભાઈ બચુભાઈ હઠીલા લાકડી સાથે તથા એમનભાઈ રૂપલાભાઈ ભુરીયા લોખંડની પાઈપ સાથે હતા અને આરોપી વર્ષાબેને ફરીયાદીના દિયર રમેશભાઈ દેવજીભાઈનુ ઘર તથા ઘાસમા આગ ચાંપી આશરે રૂા. ૨૦,૦૦૦/–નુ નુકશાન કરી આ ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૪૩૫,૪૩૬ સાથે વાંચતા કલમ ૧૧૪ હેઠળ સજાનેપાત્ર ગુનાઓ કર્યા છે ?

૨. શું ફરીયાદપક્ષ સાબીત કરે છે કે,આરોપીઓએ એકબીજાની મદદગારીમા ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે ફરીયાદીને મા–બેન સમાણી ગાળો આપી કહેલ કે, '' તારે ડેપ્યુટી સરપંચ બનાવવાનો છે, તને આજે જાનથી મારી નાંખવાની છે'' તેમ કહી ફરીયાદી તરફ દોડી આવી આરોપી વર્ષાબેને તેણીના પતિ કુરમેશભાઈ પાસેથી ધારીયુ લઈ ફરીયાદીને મારતા માથાના ભાગે વાગી ચામડી કપાઈ જઈ લોહી નિકળી સાધારણ ઈજા કરેલ તથા આરોપી એમનભાઈ રૂપલાભાઈએ સાહેદ શૈલેષભાઈ બચુભાઈ પણદાને માથાના ભાગે લોખંડની પાઈપ મારી ઈજા કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૨,૨૯૪ (ખ),૫૦૪,૫૦૬(૨),૩૨૪ સાથે વાંચતા કલમ ૧૧૪ હેઠળ સજાનેપાત્ર ગુનાઓ કર્યા છે ?

૩. શું ફરીયાદપક્ષ સાબીત કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ હથીયારબંધીનુ જાહેરનામું અમલમા હોવાછતાં આરોપીઓએ જાહેરમા ધારીયુ,લાકડી તથા લોખંડની પાઈપ જેવા હથીયારો ધારણ

કરી સદર હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટ કલમ ૧૩૫(૧) હેઠળ સજાનેપાત્ર ગુનો કર્યો છે ?

૪. શું ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબીત કરી શકે છે?

૫. શું હુકમ?

**<u>મુદ્દા પરત્વેના તારણો</u> :-**

મુદ્દા નં.(૧) : નકારમા.

મુદ્દા નં.(૨) : નકારમા.

મુદ્દા નં.(૩) : નકારમા.

મુદ્દા નં. (૪) : નકારમા.

મુદ્દા નં.(૫) : આખરી હુકમ મુજબ.

(૬) આ કામે બંને પક્ષકારો તર્ફેની દલીલો ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૩૦૨ તથા ૨૦૧ ની જોગવાઈઓ આ પરત્વે નામ. સર્વોચ્ચ અદાલત તથા ઉચ્ચ અદાલતોએ પોતાના પ્રસીધ્ધ ચુકાદાઓમાં નકકી કરેલા સીધ્ધાંતો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સ તથા ઈન્ડીયન એવીડન્સ એકટના પાયાના સીધ્ધાંતો મધ્યનજર રાખતા નીચે મુજબ તારણો પરત્વેના કારણોની ચર્ચા કરવામાં આવે છે.

**<u>તારણો પરત્વેના કારણો</u>.**

<u>પ્રસ્તાવના:</u>

(૭) હવે પછીની ચર્ચામાં ધ ક્રીમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ નો ઉલ્લેખ ધ ક્રી. પ્રો. ક. તરીકે ધ ઈન્ડીયન એવીડન્સ એકટ – ૧૮૭૨ નો ઉલ્લેખ ધ એવીડન્સ એકટ, ધ ઈન્ડીયન પીનલ કોડ – ૧૮૬૦ નો ઉલ્લેખ ધ ઈ.પી.કો. તરીકે કરેલો છે.

(૮) આ કામે ચાર્જશીટના આરોપીના કોલમ મુજબ આરોપીઓને કોલમ નં. ૧ મા દર્શાવેલા છે. કોલમ નં. ૩ મા જે મુદ્દામાલ કબજે કરેલ તથા કોલમ નં. ૪ મા સાહેદોના નામ દર્શાવેલા છે. હવે પછીની ચર્ચામા સરળતા ખાતર કોલમ નં.૧ મા દર્શાવેલ આરોપીને (આરોપીઓ) તરીકે જ સંબોધવામા આવેલા છે. કોલમ નં. ૪મા દર્શાવેલ સાક્ષીઓને અદાલતે જે ક્રમમા સાક્ષી તરીકે તપાસેલા છે તે ક્રમમા ફરીયાદી સાહેદ તરીકે સંબોધવામા આવેલા છે.

**<u>મુદ્દા નં. ૧ થી ૪</u>** :-

(૯) આ કામે મુદ્દા નં. ૧ થી ૪ હકીકતની દ્રષ્ટિએ પરસ્પર સંકળાયેલા હોઈ બીનજરૂરી ચર્ચાનુ પૂનરાવર્તન ટાળવા માટે આ તમામા મુદ્દાએની ચર્ચા એકસાથે નીચે મુજબ કરવામા આવેલ છે.

(૧૦) આ કામે સૌથી મહત્વના સાહેદ એવા ફરીયાદી મુળીબેન કાનજીભાઈ હઠીલાનો આંક: ૧૫ નો પુરાવો ધ્યાને લઈએ તો આ સાહેદ સરપંચની ચુંટણી હારીગયેલા જયારે વર્ષાબેન(આરોપી)ની જીત થયેલાનુ જણાવે છે. ત્યારબાદ બનાવ વખતે ધોળીદાંતી ગામની ડે. સરપંચની ચુંટણી માટે નિશાળમા ભેગા થયેલા જેમા તેઓ તેમના ચાર સભ્યો ગલાભાઈ, પુષ્પાબેન, સુશીલાબેન અને સોનાબેન સાથે ગયેલા ત્યારે આરોપી વર્ષાબેન ધારીયા સાથે તેમના માણસોને લઈને આવેલા અને તેમની સાથે બીજા માણસો અને તેમના ઘરના માણસો પણ હોવાનુ જણાવે છે. ત્યારબાદ ત્યાં મારામારી થયેલી તે સ્વિાય તેમને ખબર નથી. તેમને માથાના ભાગે વર્ષાબેને ધારીયુ મોરલુ જે વાગતા તેમને ભાન રહેલુ નહી તેથી આ બનાવમા બીજા કોને વાગેલુ તેની તેમને માહિતી નથી. તેમના દિયર રમેશભાઈ દેવજીભાઈના ઘરની બહાર ઘાસ પડેલ તે વર્ષાબેને દિવાસળીથી આગ લગાડી સળગાવેલુ. ત્યારબાદ તેમને સારવાર માટે દવાખાને લઈ ગયેલાનુ જણાવે છે. તેમજ શૈલેષભાઈને કપાળે વાગેલાનુ જણાવે છે. તે દિવસે ડે. સરપંચનુ ચુંટણી થયેલી નહી અને આ બનાવની તેઓએ આંક: ૧૬ વાળી ફરીયાદ આપેલાનુ જણાવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ વાળુ ધારીયુ વર્ષાબેન પાસે હતુ તે

જ હોવાનુ ઓળખી બતાવે છે. આરોપીપક્ષની ઉલટતપાસમા સરપંચની ચુંટણીમા તે હારી ગયેલા અને વર્ષાબેન જીતી ગયેલાનુ કબુલ રાખે છે. નિશાળથી આરોપીઓનુ ઘર નજીકમા આવેલાનુ અને નિશાળની બાજુમા કોતર અને પાકો ડામર રોડ આવેલાનુ જણાવે છે. મામતલદાર સાહેબ આવી ગયા છે તેવુ જાણતા તેઓ નિશાળમા ગયેલા પરંતુ મામતલદારે તેમને હાજર રહેવા માટે લેખીત કે મૌખીક હુકમ નહી આપેલાનુ કબુલ કરે છે. તેઓ ઘરના સાત–આઠ માણસો નિશાળે ગયેલા હોવાનુ અને ડે. સરપંચની ચુંટણીનુ ફોર્મ બે કલાક ભરીને આપવાનુ હોવાનુ જણાવે છે. આરોપીઓ ગાડી લઈને આવેલાનુ જણાવે છે. કાનજીભાઈ હકલાભાઈ તેણીના પતિ થાય છે. તેણીએ એ વાતનો ઈન્કાર કર્યો છે કે આરોપીઓ સ્કુલે આવતા હતાતે વખતે તેન પતિએ તમંચામાથી ફાયરીંગ કરી આરોપીઓને રોકવાની કોશીષ કરેલી. તેણે એ વાતનો પણ ઈન્કાર કર્યો છે કે, તેણીના પતિએ બીજી વખત ફાયરીંગ કરેલ તેથી આરોપી કુરમેશને નાકના ભાગે છરો વાગેલો. તેણીએ સ્વીકારેલ છે કે, તે બાબતની ફરીયાદ લીમડી પોલીસ સ્ટેશને નોંધાવેલી છે. તેણીએ પોતાના તથા તેણીના પતિ ઉપર ઝાલોદ કોર્ટમા ૧૫–૨૦ કેસો ચાલતા હોવાનુ કબુલ રાખેલ છે. સ્કુલની આજુબાજુ ખેતરો આવેલા છે. તેણીએ એ વાતનો ઈન્કાર કર્યો છે કે, બનાવ વખતે શાળામા મામલતદાર, તલાટી તથા પોલીસ બંદોબસ્તના માણસો હાજર હતા. નિશાળથી લીમડી પોલીસ સ્ટેશન આશરે પાંચ કિલોમીટર દુર હોવાનુ જણાવે છે અને તેણે કે તેના સગાસબંધીઓએ તાત્કાલીક પોલીસને બનાવની જાણ કરેલી નહી હોવાનુ પણ કબુલ રાખે છે. તેમણે પોલીસને પોતાના લોહીવાળા કપડા આપેલા નહી હોવાનુ જણાવે છે. આરોપી વર્ષાબેને દિવાસળીથી આગ લગાવેલ તે અંગે તેમણે કે તેમના ઘરના સભ્યોએ ફાયરબ્રીગેડને કોઈ જાણ નહી કરેલ હોવાનુ કબુલ રાખે છે.તેમજ તેમના ચુંટાયેલા સભ્યો પૈકી ગલાભાઈને તેઓ ડે. સરપંચ બનાવવા માંગતા હોવાનુ જણાવે છે.

આમ આ સાહેદનો સમગ્ર પુરાવા સાથે આંક:૧૬ની ફરીયાદ વંચાણે લેવામા આવે તો બનાવ વખતે વર્ષાબેન તથા કુરમેશભાઈ બચુભાઈ હઠીલા ધારીયા સાથે, કમલેશભાઈ બચુભાઈ હઠીલા લાકડી સાથે,એમનભાઈ રૂપલાભાઈ ભુરીયા લોખંડની પાઈપ સાથે તેમના દિયર રમેશભઈી દેવજીભાઈ ડામોરના ઘર નજીક જોયેલા અને વર્ષાબેને ઘર બાળી

નાંખવા ઘર તથા ઘાસમા દિવાસળીથી આગ ચાંપેલી હોવાનુ જણાવેલ છે. જે ફરીયાદની હકીકત ધ્યાને લેતા હાલનો બનાવ ફરીયાદીના દિયર રમેશભાઈ દેવજીભાઈ ડામોરના ઘર નજીક બનેલાનુ જણાઈ આવે છે જયારે ફરીયાદીની જુબાની મુજબ ફરીયાદી ડે. સરપંચની ચુંટણી માટે તેમના ચુંટાયેલા સભ્યો સાથે નિશાળમા ભેગા થયેલા ત્યાં વર્ષાબેન ધારીયા સાથે તેમના માણસો લઈને આવેલાનુ જણાવે છે. આમ આંક: ૧૬ ની ફરીયાદ અને ફરીયાદીની આંક: ૧૫ ની જુબાનીમા બનાવવાળી જગ્યા બાબતે વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. તેવી જ રીતે આંક: ૧૬ની ફરીયાદમા વર્ષાબેને તેના પતિ કુરમેશભાઈ પાસેથી ધારીયુ લઈ ફરીયાદીને માથામા મારતા ચામડી કપાઈ જતા સાધારણ ઈજા થયેલાનુ જણાવેલ છે જયારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમા તેમને વર્ષાબેને માથામા ધારીયુ મારતા તેઓ બેભાન થઈ ગયેલાનુ જણાવે છે. તેમજ ફરીયાદ હકીકત મુજબ ૧૦૮ મોબાઈલ આવતા તે તથા તેમના ગામના શૈલેષભાઈ બચુભાઈ પણદાને પણ આરોપી એમનભાઈ રૂપલાભાઈએ પાઈપ માથામા મારેલ હોય દવા સારવાર કરાવવા લીમડી સરકારી દવાખાને આવેલાનુ જણાવે છે. જયારે તેઓ પોતની સોગંદ ઉપરની જુબાનીમા પોતાના સિવાય આ બનાવમા અન્ય કોઈને ઈજા થયેલાની કોઈ જ હકીકત જણાવતા નથી. વધુમા ફરીયાદ મુજબ ત્યાં હાજર મામલતદાર તથા તલાટીએ આ ઝઘડાની ફરીયાદ આપેલાનુ તેમને જાણવા મળેલ છે. પરંતુ રેર્કડ ઉપર આવી કોઈ ફરીયાદ રજુ થયેલી નથી. તદૃઉપરાંત કહેવાતો બનાવ તા. ૦૯–૧૧–૨૦૧૯ ના રોજ બનેલ છે પરંતુ તે અંગેની ફરીયાદ તા. ૨૩–૧૧–૨૦૧૯ ના રોજ એટલે કે ૧૪ દિવસ બાદ વિલંબથી નોંધાવવામા આવેલી છે. ક્રિમીનલ કેસમા એફ.આઈ.આર.નુ ખુબ જ મહત્વનુ સ્થાન છે અને એફ.આઈ.આર. બનાવ બાદ તરત જ દાખલ કરવી અત્યંત જરૂરી છે નહી તો તેમા વિચારવિર્મશ કર્યા બાદ વધારાની હકીકત આવવાની શકયતા રહેલી છે. વધુમા આ સાહેદે તેમના પતિએ બીજી વખત ફાયરીંગ કરતા આરોપી કુરમેશને નાકના ભાગે છરો વાગેલાનો ઈન્કાર કર્યો છે પરંતુ તે બાબતની ફરીયાદ પોલીસ સ્ટેશનમા નોંધાવેલ હોવાનુ કબુલ રાખેલ છે તેમજ ફરીયાદી સાહેદ નં. ૧૫ ત.ક.અમલદારે જણાવ્યા મુજબ આ કામના ફરીયાદી અને સોદો સામે હાલના આરોપીઓએ લીમડી પોલીસ સ્ટેશનમા ફ.ગુના રજી. નં. ૧૨૬ /૨૦૧૯

થી ગુનો તા. ૨૧–૧૧–૨૦૧૯ ના રોજ દાખલ કરેલાનુ જણાવેલ છે. ફરીયાદી તથા તેમના પતિ સાથે ઝાલોદ કોર્ટમા ૧૫–૨૦ કેસો ચાલતા હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. પોતાના દિયરના ઘર પાસે આરોપી ધ્વારા આગ લગાડવામા આવે છે તેમછતાં ફરીયાદીએ કે તેમના દિયરે ફાયરબ્રીગેડને ફોન કરેલ નથી. તેમજ આંક: ૨૪ નુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ જોતા આગ ઘાસમા લગાવવામા આવેલ છે અને તે આગમા ઘરની અન્ય કોઈ ચીજવસ્તુ કે ઘરવખરીનો સરસામાન બળી ગયેલ નહી હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. આ તમામ સંજોગોમા આ ફરીયાદીની જુબાની ધ્યાને લેતા બનાવ કઈ જગ્યાએ બનેલ છે તે બાબતે કોઈ ચૌકકસ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. બનાવ સમયે આરોપી વર્ષાબેન સાથે અન્ય આરોપીઓ શું હથીયાર લઈને આવેલા તે બાબતે પણ ફરીયાદ અને જુબાનીમા વિરોધાભાસ જણાઈ આવે છે. ફરીયાદીને થયેલ ઈજાની ગંભીરતા બાબતે તથા અન્ય આરોપીઓની આ ગુનામા ભુમીકા બાબતે કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમા આંક: ૧૬ ની ફરીયાદ મુજબ આ બનાવમા આરોપી એમનભાઈએ સાહેદ શૈલેષભાઈને ઈજા પહોચાડેલાનુ જણાવેલ છે પરંતુ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા આ બાબતે કોઈ જ હકીકત જણાવેલ નથી. તે સંજોગોમા આ કામના ફરીયાદી કે જેઓ સરપંચની ચુંટણીમા આરોપી વર્ષાબેન સામે હારી ગયેલા હતા અને ત્યારબાદ તેઓ તેમના ચુંટાયલા સભ્યો પૈકી ગલાભાઈને ડે. સરપંચ બનાવવા માંગતા હોઈ પરંતુ તેમા તેઓ સફળ નહી થતા તે અંગેનો રાજકીય દ્રેષભાવ રાખી હાલની ફરીયાદ આપેલાનુ નકારી શકાય તેમ નથી. વધુમા બનાવ સમયે ડે. સરપંચની ચુંટણી હતી ત્યારે મામલતદાર અને તલાટી કમ મંત્રી પણ નિશાળમા હાજર હતા અને તે સમયે પોલીસના માણસો પણ બંદોબસ્તમા હાજર હોય તે સ્વાભાવીક છે અને જો નિશાળમા આવો કોઈ બનાવ બનવા પામેલ હોય તો મામલતદારે કે તલાટી કમ મંત્રીએ આરોપીઓ વિરૂધ્ધ કોઈ ફરીયાદ આપેલ હોત પરંતુ એવુ પણ બનવા પામેલ નથી.આ સાહેદની જુબાનીને અન્ય કોઈ સાહેદની જુબાનીથી પણ સમર્થન પ્રાપ્ત થયેલ નથી. તે સંજોગોમા ફરીયાદીની જુબાનીથી વિસંગત હકીકતો રેકર્ડ ઉપર આવતી હોઈ તેમની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહેતુ નથી.

(૧૧) ફરીયાદી સાહેદ નં.૨ કાન્તાબેન રમેશભાઈ ડામોરને આ કામે આંક: ૧૭ થી તપાસવામા આવેલા છે. તેમના કથન મુજબ મુળીબેન(ફરીયાદી) તેમના ભાભી થાય છે અને બનાવમા વર્ષાબેનને ઝઘડો થયેલો અને નિશાળ નજીક તેમનુ ઘર આવેલ છે અને ઘરની પાસે તેમનુ ઘાસ પડેલ હતુ તે વર્ષાબેને સળગાવી દીધેલાનુ જણાવે છે. તેમજ વર્ષાબેન સાથે બીજા પાંચ–છ માણસો હોવાનુ અને વર્ષાબેને કુરમેશ પાસેથી માચીસ લઈ તેમનુન ઘાસ સળગાવેલાનુ જણાવે છે. વર્ષાબેન પાસે કોઈ હથીયાર નહી હોવાનુ જણાવે છે. બનાવ વખતે તે તેના ઘરમા હતી તેથી બનાવમા કોને વાગેલ તેની તેમને માહિતી નથી. વષાબેન કહેતા હતા કે મને વોટ કેમ આપ્યો નથી તેમ કહી તેમનુ ઘાસ સળગાવેલાનુ જણાવે છે. આમ આ સાહેદ તેમના પોલીસ નિવેદનની હકીકતથી વિમુખ ગયેલા હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી. આરોપીપક્ષની ઉલટતપાસમા સરપંચની ચુંટણીમા તેમના ભાભી મુળીબેન વર્ષાબેનનીસામે હારી ગયેલાનુ કબુલ રાખે છે. તેમજ ડે. સરપંચની ચુંટણીમા મુળીબેનને કોઈએ બોલાવેલા નહી હોવાનુ જણાવે છે અને મુળીબેન જાતે તેમના માણસોને લઈને સ્કુલે ભેગા થયેલાનુ જણાવે છે. સ્કુલથી વર્ષાબેનનુ ઘર કોતર છોડી સામી તરફ ત્રણેક કિલોમીટર દુર આવેલાનુ કબુલ રાખે છે અને સ્કુલની આજુબાજુ ખેતરો અને પાકો રોડ આવેલાનુ જણાવે છે. તેઓએ એ પણ કબુલ રાખેલ છે કે, ડે. સરપંચની ચુંટણી માટે મામલતદારશ્રી, તલાટી અને પોલીસના માણસો નિશાળે આવેલા. તેઓએ એ પણ કબુલ કરેલ છે કે, કહેવતા બનાવ વખતે તે તેના ઘરની અંદર હતી અને બનાવના સ્થળે શું બનેલુ અને કેવી રીતે બનેલુ તેની તેમને માહિતી નથી. પોલીસે તેમનો જવાબ બનાવના બે –ત્રણ દિવસ પછી લીધેલાનુ જણાવે છે અને વર્ષાબેને તેમનુ ઘાસ સળગાવેલ નહી હોવાનો ઈન્કાર કર્યો છે. તેમજ એ વાતનો પણ ઈન્કાર કર્યો છે કે, તેમના ભાભી મુળીબેન સરપંચની ચુંટણીમા હારી ગયેલા તેથી આરોપીઓ વિરૂધ્ધ ખોટો પુરાવો આપે છે.

આમ આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો બનાવ સમયે વર્ષાબેન પાસે કોઈ હથીયાર નહી હોવાનુ જણાઈ આવે છે તેમજ બનાવ વખતે તેઓ ઘરની અંદર હોઈ

બનાવ સ્થળે શું બનેલુ અને કેવી રીતે બનેલુ તેની તેમને કોઈ માહિતી નથી. ત્યારે આ સાહેદે આરોપી વર્ષાબેનને ઘાસ સળગાવતા જોયેલાની હકીકત સાચી માની શકાય નહી. તેમજ આ સાહેદની જુબાનીમાથી ફરીયાદી મુળીબેન તે વર્ષાબેન સામે સરપંચની ચુંટણી હારી ગયેલાનુ તેમજ ડે.સરપંચની ચુંટણીમા ફરીયાદી તેમના માણસો લઈ જાતે સ્કુલમા ભેગા થયેલાનુ તેમજ બનાવ સમયે મામલતદારશ્રી, તલાટી અને પોલીસના માણસો પણ નિશાળે હાજર હોવાનુ જણાઈ આવે છે તેવા સંજોગોમા પોલીસનો બંદોબસ્ત હોય તો આરોપી હાથમા ધારીયુ લઈ જયાં ડે. સરપંચની ચુંટણી થવાની છે તે નિશાળમા આવે અને ત્યાં ધમાલ મચાવે તે હકીકત આ સાહેદના પુરાવા થકી પુરવાર થતી નથી.

(૧૨) ફરીયાદપક્ષ તરફે ફરીયાદી સાહેદ નં. ૫ શૈલેષભાઈ બચુભાઈ પણદાની આંક: ૨૬ ની જુબાની જોઈએ તો બનાવ વખતે તેઓ ટોળામા ઉભા હતા તેમા તેમને કાંઈ વાગી ગયેલુ પરંતુ કોણે મારેલુ તેની તેમને ખબર નથી. તેમને માથામા ઈજા થતા લીમડી સરકારી દવાખાને સારવાર લીધેલાનુ જણાવે છે. આ બનાવમા બીજા કોઈને વાગેલુ કે કેમ તેની તેમને માહિતી નથી. આમ આ સાહેદ તેમના પોલીસ નિવેદનની હકીકતથી વિમુખ ગયેલા હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી. ત્યારબાદ આરોપી તરફેની ઉલટતપાસમા તેઓએ કબુલ રાખેલ છે કે, ફરીયાદી મુળીબેન તેમના કાકી થાય છે અને બનાવ વખતે ઘણા માણસો ભેગા થયેલા અને રસ્તો બંધ કરી દેવાથી લોકોમા દોડધામ મચી ગયેલી. આ દોડધામમા પોલીસે થોડો લાઠી ચાર્જ કરેલો અને ટોળાના માણસોએ પથ્થરમારો કરેલો આ પથ્થર મારામા પડી જવાથી તેમને માથામા ઈજા થયેલી તેથી તે બેભાઈ થઈ ગયેલ જેથી શું બનાવ બનેલો તેની તેમને માહિતી નથી. મુળીબેનનુ ઘાસ અને વળીઓ કોણે સળગાવેલી તે તેઆ કહી શકે નહી અને મુળીબેનને દોડધામમા પડી જવાથી માથામા ઈજા થયેલાનુ જણાવ છે. તેમના કાકા ઉપર ઝાલોદ કોર્ટમા જુદા જુદા કેસો દાખલ થયેલા છે અને તેમના કાકા વિરૂધ્ધ તડીપારના હુકમ પણ થયેલા છે. તેઓએ આરોપીઓને રસ્તા પર આવતા રોકેલા હોવાનુ જણાવે છે અને બનાવ વખતે ટોળાના માણસોમાથી કોઈએ ફાયરીંગ કરેલુ તેમજ આરોપી કુરમેશભાઈને નાકના

ભાગે છરો વાગેલાનુ જણાવે છે.

આ સાહેદ ફરીયાદીના ભત્રીજા થાય છે અને ફરીયાદ મુજબ આરોપી એમનભાઈ રૂપલાભાઈએ આ સાહેદને પાઈપ માથાના ભાગે મારી ઈજા કરેલાનો આક્ષેપ છે પરંતુ તે બાબતને આ સાહેદે સ્હેજપણ સમર્થન આપેલ નથી. તેમજ બનાવ વખતે રસ્તો બંધ કરી દેવાથી દોડધામ થયેલી તેમા પોલીસે લાઠીચાર્જ કરેલ અને ટોળાના માણસોએ પથ્થરમારો કરેલો અને આ દોડધામ અને પથ્થરમારામા તેમનેમ પડી જવાથી ઈજા થયેલાનુ કબુલ રાખેલ છે. તેઓ બનાવ સમયે બેભાન થઈ ગયેલા તેથી શું બનાવ બનેલો તેની તેમને માહિતી નથી. આ સાહેદ ઉલટાનુ એવુ જણાવે છે કે, બનાવ વખતે આરોપીઓ એક સાઈડમા ઉભા હતથા અને આરોપીઓને રસ્તા ઉપર આવતા રોકેલા. તેવા સંજોગોમા બનાવ સમયે આરોપીઓ હથીયાર સાથે નિશાળે આવેલા હોય અને ફરીયાદી સાહેદોને હથીયાર વડે માર મારેલ હોય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી.

(૧૩) આ કામે ફરીયાદી સાહેદ નં. ૬,૭,૯,૧૦ નાઓની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેવામા આવે તો શું બનાવ બનેલો તેની તેમને ખબર નથી તેમજ રમેશભાઈનુ ઘર કોણે સળગાવેલુ અને મુળીબેન તથા શૈલેષભાઈને કોણે ઈજા કરેલ તે બાબતે તેમને કાંઈ જ ખબર નહી હોવાનુ જણાવે છે. તેઓએ બનાવ સ્થળે હાલના આરોપીઓ પૈકી કોઈને ઓળખેલા નથી. તેમજ બનાવ વખતે ઘણા માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ અને અચાનક પથ્થરમારો થતા નાસભાગ થયેલાનુ જણાવે છે. આ તમામ સાહેદોના પુરાવામાથી આરોપીઓએ બનાવ સ્થળે આવી ફરીયાદી, સાહેદોને ઈજા પહોચાડી હોય કે ઘરને આગ લગાડી હોય તેવી કોઈ હકીકત નિકળી આવતી નથી. આ તમામ સાહેદો તેમના પોલીસ નિવેદનની હકીકતથી વિમુખ ગયેલા હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

(૧૪) ફરીયાદપક્ષ તરફે ફરીયાદી સાહેદ નં. ૩ શૈલેષભાઈ વારજીભાઈ હઠીલાને આંક: ૨૩ થી તથા નં. ૪ કલસીંગભાઈ સંગજીભાઈ ડામોરને આંક: ૨૫ થી તપાસવામા આવેલા છે.

આ બંને સાહેદો આંક: ૨૪ ના ગુનાવાળી જગ્યાના પંચસાહેદ છે પરંતુ તેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમા આંક:૨૪ ના ગુનાવાળી જગ્યાનાપંચનામાની હકીકતથી વિમુખ ગયેલા હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી. તેવા સંજોગોમા આ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ નિવડતો નથી.

(૧૫) તેવી જ રીતે આંક: ૩૨ના આરોપી કુરશેભાઈ બચુભાઈ તથા કમલેશભાઈ બચુભાઈની શરીરસ્થિતિ તથા લાકડી કબજે કર્યાના પંચનામાના બે પંચોને ફરીયાદપક્ષે સાહેદ નં. ૮ થી વીરાભાઈ માનસીંગભાઈ ભાભોરને આંક: ૩૧ થી તથા નં.૧૩ મલસીંગભાઈ ભીમાભાઈ હઠીલાને આંક: ૪૦ થી તપાસેલા છે. આ બંને પંચસાહેદો એ તેમની સોગંદ ઉપરની જુબાનીમા આંક: ૩૨ નાપંચનામાની હકીકતથી વિમુખ ગયેલા હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી. તેવા સંજોગોમા આ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ નિવડતો નથી.

(૧૬) ફરીયાદપક્ષ તરફથી આંક: ૩૮ થી આરોપી વર્ષાબેન કુરમેશભાઈએ ધારીયુ તથા આરોપી એમનભાઈ રૂપલાભાઈએ લોંખડની પાઈપ રજુ કરી તથા શરીરસ્થિતિનુ પંચનામુ રજુ થયેલ છે જેના પંચસાહેદો નં. ૧૧ મુકેશભાઈ રમસુભાઈ મુનીયાને આંક: ૩૭ થી તથા સાહેદ નં.૧૨ ઈશ્વરભાઈ માનસીંગભાઈ હઠીલાને આંક: ૩૯ થી તપાસેલા છે. પરંતુ આ બંને પંચસાહેદોએ તેમની હાજરીમા પોલીસે આરોપીઓની શરીરસ્થિતિનુ પંચનામુ કરી મુદ્દામાલ હથીયાર કબજે લીધેલાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. જેથી આ બંને પંચસાહેદો આંકસ: ૩૮ ના પંચનામાની હકીકતથી વિમુખ ગયેલા હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી. તેવા સંજોગોમા આ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ નિવડતો નથી.

(૧૭) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૪ ડૉ. સંતોષકુમાર કનુભાઈ તડવીને આંક: ૪૫ થી તપાસવામા આવ્યા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ સને ૨૦૦૭ થી લીમડી સી.એચ.સી.મા મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે તા. ૯-૧૧-૨૦૧૯મા શૈલેષભાઈ બચુભાઈનાઓ મારામારીની ફરીયાદ સાથે દવા સારવાર કરાવવા આવેલા તેઓએ જણાવેલ કે તા. ૯-૧૧-૨૦૧૯ના રોજ સવારના ક. ૮-૩૦ વાગે ઘોળીદાંતી ખાતે પંકજભાઈ રસીકભાઈ હઠીલા દ્રારા ઘારીયા વડે માર મારવામા આવેલાનુ જણાવે છે. તેમને તપાસતા ઈજા નં.

(૧) મોઢાના ડાબા ભાગ તરફ ડાબી આંખથી ૪ સે.મી. દુર ભોંકાયેલ ઘા ૧ સેમી×૦.૩સેમી.× ટીશ્યુ સુધીનો ત્રિકોણ આકારનો હતો.

(૨) કમ્મરમા પાછળની બાજુએ દુખાવાની ફરીયાદ હતી.

ત્યારબાદ બીજા ઈજા પામનાર મુળીબેન કાનજીભાઈ હઠીલા ને તપાસતા તેઓએ જણાવેલ કે, તા. ૯-૧૧-૨૦૧૯ના રોજ સવારના ૮-૩૦ વાગે તેણીના ઘરે ઘોળીદાંતી ખાતે વર્ષાબેન કુરમેશભાઈ હઠીલા દ્રારા ચપ્પા વડે માર મારવામા આવેલ તેમને તપાસતા ઈજા નં.

(૧) માથાની ડાબી બાજુ પરાઈટલ ભાગે આશરે ૧×૦.૨ સે.મી. × ટીશ્યુ સુધીનો કપાયેલો ઘા લાલાશ પડતો હતો.

(૨) જમણા થાપા ઉપર દુખાવાની ફરીયાદ હતી.

મુળીબેનને થયેલી ઈજા નં.૧ ઘારીયાનો ચાંચવાળો ભાગ મારવાથી થઈ શકે તેમજ ઘારીયાનો પાછળનો ભાગ મારવાથી ઈજા નં.૨ થઈ શકે તેમજ શૈલેષભાઈને થયેલી ઈજા નં. ૧ ઘારીયાના આગળની ચાંચવાળો ભાગ મારવાથી થઈ શકે તથા ઈજા નં.૨ ઘારીયાનો પાછળનો ભાગ મારવાથી થઈ શકે તેમ જણાવેલ છે.

આરોપીપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા તેમણે એ વાતનો ઈન્કાર કર્યો છે કે, કોઈ વ્યકિત દોડતો હોય અને પથરાળ જગ્યા ઉપર પડે તો તેમને ઈજા પામનાર ઉપર જોવા મળી તેવી ઈજા ઉદ્દભવી શકે. તેમણે કબુલ રાખેલ છે કે, કમ્મરના ભાગે કોઈને દુખાવો થતો હોય

તો તેના ઘણાબધાં કારણો હોઈ શકે. મુળીબેનને જે ઈજાએ થયેલ તે પડી જવાથી કે કોઈ જગ્યાએ ભટકાવવાથી થઈ હોવાનો ઈન્કાર કર્યો છે. ઈજા પામનારાઓને જે ઈજાઓ થયેલી તે સામાન્ય ઈજાઓ હતી અને ૪ થી ૫ દિવસમા રીકવર થઈ શકે તેમ હોવાનુ જણાવેલ છે. પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ આ બનાવમા ઈજા પામનારે તથા ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા બનાવ સમયે તેઓને કયા આરોપીએ કયા હથીયાર વડે ઈજા પહોચાડી તે બાબત નિશંકપણે પુરવાર થયેલ નથી ત્યારે આવા સંજોગોમા આ સાહેદના પુરાવા થકી આરોપીઓને આ ગુનામા સંડોવતી કોઈ કડી ઉપલબ્ધ થતી હોવાનુ માની શકાય નહી.

(૧૮) આ કામે ફરીયાદી સાહેદ નં. ૧૫ પૃથ્વીરાજસીહ ભુપતસીહ જાદવનો આંક: ૫૩ નો પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ આ ગુનાની તપાસની કાર્યવાહી કરેલી છે જેમા તેઓએ ફરીયાદી સાહેદોના નિવેદનો તથા પંચનામાની કાર્યવાહી કરેલી છે. તેમની ઉલટતપાસ ધ્યાને લેતા ફરીયાદ ૧૪ દિવસ વિલંબથી આપેલાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. તેમજ આ બનાવ પહેલા આ કામના ફરીયાદી, સાહેદો સામે લીમડી પોલીસ સ્ટેશનમા ફ.ગુના રજી. નં. ૩૨૬/૧૯થી તા. ૨૧–૧૧–૨૦૧૯ના રોજ ગુનો દાખલ થયેલ છે.તેમજ તેઓએ આ ગુનાની તપાસના કામે જે સાહેદોના નિવેદનો લીધેલા તે ફરીયાદીના કુટુંબીજનો થતા હોવાનુ જણાવેલ છે.

(૧૯) અન્ય ત.ક.અમલદાર સાહેદ નં.૧૬ લાલાભાઈ હીરાભાઈ પારગી આંક:૫૫ થી તપાસવામા આવેલા છે. તેઓએ આ ગુનાના કામે પંચનામાની કાર્યવાહી કરેલી છે અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ કોર્ટમા ચાર્જશીટ કરેલ છે.

(૨૦) આમ સમગ્ર રીતે ફરીયાદપક્ષ તરફથી રેકર્ડ ઉપર જે પુરાવો રજુ થયેલ છે તે ધ્યાને લેવામા આવે તો સૌ પ્રથમ તો સરપંચની ચુંટણીમા હાલના ફરીયાદી તે આરોપી વર્ષાબેન સામે હારી ગયેલા છે જેથી તેઓ વચ્ચે રાજકીય અદાવત હોવાની હકીકત નિશંકપણે જણાઈ આવે છે. ત્યારબાદ ડે. સરપંચની ચુંટણીમા ફરીયાદી પોતાની પેનલના

સભ્યને જીતાડવા માંગતા હોઈ બનાવ સમયે તેઓ તેમના સભ્યો સાથે ચુંટણીના સ્થળે એટલે કે નિશાળમા ગયેલા ત્યાં મામલતદારશ્રી, તલાટી તથા પોલીસ કર્મચારીઓ હાજર હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે અને ત્યાં દોડધામ અને પથ્થરમારો થયેલાની હકીકત પણ પુરવાર થયેલ છે. તેવા સંજોગોમા જો બનાવવાળા સ્થળે મામલતદારશ્રી તથા પોલીસ કર્મચારીઓની હાજરી હોય ત્યારે આરોપી વર્ષાબેન ધારીયા જેવા હથીયાર સાથે ચુંટણી સ્થળે ખુલ્લેઆમ જાય તે માની શકાય તેમ નથી. તેમજ જો ચુંટણીના સ્થળે હાલનો બનાવ બનેલ હોય તો ત્યાં હાજર મામલતદારશ્રી, તલાટીએ કે પોલીસ કર્મચારીઓ પૈકી કોઈએ પણ સરકારશ્રી તરફે ફરીયાદ નોંધાવેલ હોત પરંતુ અહીયા એવુ પણ બનવા પામેલ નથી. વધુમા ફરીયાદીને ધારીયુ વાગતા તેઓ બેભાન થઈ ગયેલા છે અને ત્યારબાદ શું બનેલ છે તેની તેમને ખબર નથી. જયારે આ બનાવમા અન્ય ઈજા પામનાર સાહેદ નં.પ ફરીયાદીના ભત્રીજા શૈલેષભાઈ બચુભાઈ પણ દાના પુરાવા મુજબ તેઓ ટોળામા ઉભા હતા ત્યારે તેમને વાગી ગયેલ, કોણે મારેલુ તેની તેમને ખબર નથી અને આ બનાવમા બીજા કોઈને વાગેલ કે કેમ તેની પણ તેમને ખબર નથી અને બનાવ વખતે કોણ કોણ આવેલા તેની પણ તેમને ખબર નથી. આ સંજોગોમા હાલના આરોપીઓએ ફરીયાદી, સાહેદોને મારક હથીયારો વડે ઈજા પહોચાડેલાનુ પુરવાર થતુ નથી. જયારે ફરીયાદીના પુરાવા મુજબ તેમના દિયરના ઘર નજીક પડેલ ઘાસ આરોપી વર્ષાબેને દિવાસળીથી સળગાવેલાનુ જણાવે છે પરંતુ આ સાહેદ ફરીયાદીના ભત્રીજાના પત્ની થાય છે અને તેમના જ પુરાવા મુજબ બનાવ વખતે તેઓ ઘરની અંદર હતા અને બનાવ સ્થળે શું બનેલુ અને કેવી રીતે બનેલુ તની તેમને માહિતી નહી હોવાનુ જણાવેલ છે. જયારે તેમના પતિ સાહેદ નં.પ મુળીબેન(ફરીયાદી)નુ ઘાસ અને વળીઓ કોણે સળગાવેલ તે તેઓ કહી શકે નહી તેમ જણાવેલ છે. તેમજ કહેવાતા બનાવ વખતે આરોપીઓ સાઈડમા ઉભા હતા અને આરોપીઓને રસ્તા ઉપર આવતા રોકેલાનુ જણાવે છે ત્યારે આરોપીઓએ મુળીબેનના ઘરે આવી ઢાળીયામાનુ ઘાસ સળગાવેલ હોય તે હકીકત માની શકાય તેમ નથી. વધુમા મેડીકલ પુરાવા મુજબ પણ ફરીયાદી, સાહેદોને થયેલી ઈજાઓ સામાન્ય હતી વધુમા આ કામે હાલની ફરીયાદ બનાવ બન્યાના ૧૪ દિવસ બાદ વિલંબથી દાખલ કરવા

અંગે ફરીયાદીએ તેમની ફરીયાદમા કે સોગંદ ઉપરની જુબાનીમા કોઈ સંતોષકારક ખુલાસો રજુ કરેલ નથી. સાહેદોના પુરાવા થકી બનાવવાળા સ્થળ સ્કુલની આજુબાજુ ખેતરો આવેલા અને પાકો રોડ આવેલ છે તેમછતાં તપાસ કરનાર અમલદાર માત્ર ફરીયાદીના સગા સબંધીઓના નિવેદનો લીધેલા છે અને સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવાછતાં આવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામા આવેલા નથી. એવા સંજોગોમાં જયારે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે રાજકીય અદાવત ચાલતી આવેલી હોય કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાના અભાવે આરોપીઓ સામેની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. તેવા સંજોગોમા હાલના આરોપીઓએ બનાવ સમયે ગંભીર ઉશ્કેરણી કરી ફરીયાદી, સાહેદોને હથીયારો વડે ઈજા પહોચાડી ફરીયાદીના ભત્રીજા ઢાળીયામા રહેલ ઘાસને આગ વડે સળગાવી દીધેલ હોય તે હકીકત નિશંકપણે પુરવાર થતી ના હોય **મુદ્દા નં. ૨ થી ૪ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

(૨૧ ) ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષનો કેસ સાબીત કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે. ધ એવીડન્સ એકટની કલમ ૩ અન્વયે પ્રુવ્ડ, નોટ પ્રુવ્ડ અને ડીસ્પ્રુવડ ની વ્યાખ્યા ધ્યાને લેવામાં આવે તો અહીંયા ફરીયાદ પક્ષે જે બાબત પુરવાર કરવી જોઈતી હતી તે હકીકત કે આ કામના આરોપીઓએ હથીયારો ધારણ કરી ફરીયાદી, સાહેદોને ઈજા પહોચાડેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી એટલે કે ગુના બાબતની હકીકત નોટ પ્રુવ્ડ બનીને રહી જાય છે. જેથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરી શકેલા ના હોઈ **મુદ્દા નં. ૫** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

:: **હુ ક મ :**

(૧) ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) તળે આ કામે આરોપીઓ (૧) વર્ષાબેન કુરમેશભાઈ હઠીલા(૨)એમનભાઈ રૂપલાભાઈ ભુરીયા(૩) કુરમેશભાઈ બચુભાઈ હઠીલા(૪) કમલેશભાઈ બચુભાઈ હઠીલા તમામ રહે. પરથમપુર, ધોળીદાંતી ફળીયા,તા. ઝાલોદ,જી.

દાહોદનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૪૩૫,૪૩૬,૩૫૨,૨૯૪(ખ), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ને શિક્ષાપાત્ર ગુનામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ અને ૩ નો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીઓ જામીન ઉપર હોઈ તેમના જામીન ખત રદ કરવા.

(૪) આરોપીઓએ સંભવીત અપીલના હેતુસર રૂા.૧૫,૦૦૦/–ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા દિન–૭મા રજુ કરવા.

(૫) આ હુકમની એક નકલ વિ.પી.પી.શ્રીને વિના મૂલ્યે પુરી પાડવી.

(૬) આ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, દાહોદને વિના મૂલ્યે મોકલી આપવી.

હુકમ આજ તા. ૧૪મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૪–૦૯–૨૦૨૩
સ્થળ :દાહોદ

**(નીપા.સી. રાવલ)**
પ્રિન્સીપાલ સેશન્સ જજ
દાહોદ
જજ કોડ નં.GJ00370

***//C.H.B.//***